જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૦૫/૨૦૨૩   બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-   સમાચાર યાદી નં.૭૬૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૧૫૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-   સમાચાર યાદી નં.૭૬૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી:-   સમાચાર યાદી નં.૭૬૨/૨૦૨૩

સરખેજ: ગૌરીબહેન અશોકભાઇ માળી (ઉ.વ.૭૨)(રહે.ખરવાડ ટેકરો, પાણીની ટાંકી પાસે, સરખેજ ગામ સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૫/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન ગૌરીબહેનના ઘરે એક અજાણ્યો પુરૂષ (૨૦ થી ૨૨ વર્ષના આશરાનો જેના નામ-સરનામાની ખબર નથી) એ "હું એલ.આઇ.સી.માંથી આવુ છું અને તમારે વિધાવા સહાયના બે લાખ રૂપીયા આવેલ છે તમારા બેંક ખાતાની પાસબુક આપો" તેમ કહી ગૌરીબહેનની પાસબુક જોઇ "તમારા ખાતામાં પૈસા ઓછા છે તમારે બીજા રૂપિયા તથા કોઇ કિંમતી વસ્તુ મને બતાવવી પડશે જેના ફોટા પાડી હું એલ.આઇ.સી.માં મોકલીશ તો જ તમારા સહાયના પૈસા તમને મળશે" તેમ કહેતા ગૌરીબહેને તેમની બચતના રોકડ રૂપિયા ૯,૦૦૦/- તથા સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- ફોટો પાડવા સારૂ આપેલ. ત્યારબાદ ગૌરીબહેનને વાતો કરવામાં વ્યસ્ત રાખી, તેમની નજર ચુકવી તેમની બેંક ઓફ બરોડાના ખાતાની પાસબુક, સોનાની ચેઇન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ, "સહાયના પૈસા તમારા ખાતામાં થોડા દિવસમાં આવી જશે" તેમ કહી જતો રહી, ગૌરીબહેન સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૬૩/૨૦૨૩**

રામોલઃ રાજેશકુમાર માતાપ્રસાદ દુબે (ઉ.વ.૩૯)(રહે.આશ્રવીપાર્ક સુમિનનગર વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૫/૨૦૨૩ રાતના ૧૧/૩૦ થી તા.૯/૫/૨૦૨૩ સવારના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ અને નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૯૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એ.રાયજાદા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૬૪/૨૦૨૩**

નિકોલઃ મીનાબહેન મેઘાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૨) (રહે.વડવાની ચાલી ખોડીયાર માતાના મંદિર સામે સિંગરવા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોસીન છાંટી શરીરે આગ લગાડી દેતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૫/૨૦૨૩ ના કલાક ૧/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.સીયાળ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી